ॐ

# Shree 1008 Shantinath Digamber Jinbimb Panchkalyanak Pratishtha Mahotsav

Vile Parla, Mumbai
Sunday 17th May to Friday 22nd May, 2015



Chaitra Sud 13, Veer Samvat 2541
Thursday, 2nd April, 2015

Shree Kundkund-Kahan Digamber Jain Mumukshu Mandal,

Parla-Santacruz celebrates

2613th Janma Jayanti of Bhagwan Mahaveer

by Inviting All Mumukshus Worldwide for





## SHREE 1008 SHANTINATH DIGAMBER JINBIMB PANCHKALYANAK PRATISHTHA MAHOTSAV



# INVITATION PATRIKA

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી; મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલમ્.

તત્ત્વજિજ્ઞાસુ, શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુભક્ત, આત્મહિતાર્થી, ભાઇશ્રી/બહેનશ્રી........................................................................

શુદ્ધાત્મ સત્કાર...સાદર જય-જિનેન્દ્ર....

ભક્તિભાવના ભરેલા ભક્તોનાં હૈયા ઉલ્લાસથી ઉછળી રહ્યાં છે, અંતરનાં ઉમળકા જયજયકારરૂપે ગાજી ઉઠયા છે અને મુમુક્ષુઓ નૃત્યગાન થકી નાચી રહ્યા છે. શું કારણ છે? આનંદ-ઉત્સાહભર્યું વાતાવરણ કેમ રચાયું છે? એવો તે કયો પ્રસંગ આવ્યો છે કે જેથી ભક્તોનો ઉમંગ ગગનને સ્પર્શી રહ્યો છે?

અહો! પાર્લાના ભવ્યભક્તોની ચિરકાલિન ભાવના ફળીભૂત થાય એવો પાવન મહોત્સવ નિકટ આવી ગયો છે. ભરતના ભક્તોએ વિદેહવાસી વહાલા શ્રી સીમંધરનાથને એક અંતરંગ રુચિ-ભક્તિથી અરજ કરી હતી કે હે વાલેસર! આપ અમારા જીવન આધાર છો. તેથી, જેમ માતા વિના બાળક ન રહી શકે તેમ, આપની છત્રછાયા-નિશ્રા વિના અમે કેમ રહી શકીએ? સાધના કરી શકીએ? માટે, અમ તત્ત્વરસિક બાળકોની સારસંભાળ લેવા, અમારી ભાવભીની વિનંતી સુણી, અમારે આંગણે વિલંબ વિના ત્વરાથી પધારો....પધારો....અમારી આશા-ભાવના પૂર્ણ કરો.

હે હૃદયવિરાજિત પ્રભો! અમારા આંગણાં આપના વસવાટને યોગ્ય છે, કેમકે અમોએ ક્રોધરજને દૂર કરી છે, માનકાંકરાને કાઢી નાખ્યા છે, માયાકાંટા ઉખેડી નાખ્યા છે અને લોભમલિનતા ધોઇ નાખી છે. અમ મંદિરે તત્ત્વરુચિની સુવાસ છે, શાસનશ્રદ્ધાની ધૂપ છે, સુવિવેકના તોરણ છે, જ્ઞાન-સમજણના દીપક છે અને અધ્યાત્મભાવનાનો ધ્વજ લહેરાય છે. હે ભક્તવત્સલ ભગવંત! જો એકવાર પણ અમ મંદિરે-આંગણે પધારશો તો અમારો ભક્તિભાવ જોઈ પાછા જઈ શકશો જ નહી.

ભક્તોની ભાવસભર વિનંતી સુણી અકષાયી કરુણાવંત ગુણભંડાર શ્રી સીમંધરપ્રભુજી પાર્લા તરફ આવી રહ્યાં છે. આની જ જાણે કે સૂચના દેતા હોય તેમ દેવદુંદુભીવાજાંના નાદ સુણાઇ રહ્યાં છે, દેવોનો જયજયકાર સંભળાઈ રહ્યો છે. ચાલો, આપણે સહુ દેવાધિદેવ વિદેહીનાથ શ્રી સીમંધરનાથના સ્વાગત માટે તૈયાર થઈએ.

મહાનગરી મુંબઇના ઉપનગર પાર્લામાં 'શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર' પૂર્ણતાને પામ્યું છે. આ, સમવસરણ સમાન જિનમંદિરમાં શ્રી સીમંધરાદિ જિનેન્દ્રદેવની પાવન પધરામણીના મંગલ પ્રસંગે 'શ્રી ૧૦૦૮ શાંતિનાથ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ' વીર સંવત ૨૫૪૧, વૈશાખ વદ ૧૪, રવિવાર (શાંતિનાથ ભગવાનનાં જન્માદિ કલ્યાણક દિન) થી જેઠ સુદ ૫, શુક્રવાર (શ્રુતપંચમી); તા. ૧૭-૫-૨૦૧૫ થી ૨૨-૫-૨૦૧૫ સુધી ભક્તોની સ્વયં સ્ફૂરિત ભક્તિભાવનાથી ઉજવવામાં આવશે....

**Click to Read Complete Patrika** ☞




Shree Kundkund-Kahan Digamber Jain Mumukshu Mandal Trust (Parla-Santacruz)
Anil Villa, 3rd Floor, V.P. Road, Opp. Nanavati Girls School, Vile Parla (West), Mumbai - 400056.
022 - 2663 1165 | info@parlajinmandir.org | www.parlajinmandir.org
/parla.jinmandir | /tatvacharcha